R.N.I. No. : 66450/97 Ahmedabad Jurisdiction

ટે.નં.૦૭૯-૬૫૨૧૪૭૫૬ (મો).૯૮૨૫૧૬૯૩૮૬

અમદાવાદથી દર શનિવારે પ્રસિદ્ધ થતું સાપ્તાહિક

# ગરવી નવક્રાન્તિ

http://jagadishchristian.com

email:garvinavkranti @ yahoo.com

તંત્રી : પ્રશાંત ધોળકીયા .મેનેજીંગતંત્રીઃ મિનાક્ષી ધોળકીયા

ESTD.YEAR- 19•ISSUE: 40 DATE: 03-10-2015•SATURDAY•PAGES: 4•PRICE Rs.1•YERLY SUB: Rs. 60/-

આપનું લવાજમ બાકી છે ? હા( ) ના( )

If undelivered pl.return to

સરનામાનું સ્ટીકર ઉખાડયા વગર પરત કરો

કાર્યાલય :૨/૧૦ સોનિયા એપાર્ટમેન્ટ પી.ટી.કોલેજરોડ,નારાયણનગર પાલડી,અમદાવાદ-૭

## અનામત નીતિ બાબતે સંઘના નેતાના નિવેદનની લાલુ પ્રસાદે તીવ્ર પ્રતિક્રિયા આપતા સંઘનો સુર હળવો થયો

ગુજરાતમાં જોર શોરથી ચાલી રહેલ પાટીદાર આંદોલન વચ્ચે રાષ્ટ્રીય સ્વયં સેવક સંઘના વડા મોહન ભાગવતે અનામત નીતિની સમીક્ષા કરવાની વાત કરતાં ચારે કોર રાજકીય માહોલ ગરમાયો હતો.સંઘના વડાના નિવેદન બાદ વિહિપ અને શિવસેનાના પણ નિવેદનો આવી ગયા અને તેમણે પણ ન્યાયિક પંચની સમીક્ષાની વાત કરી.જો કે બિહારની ચુંટણીઓ જીતવા ભાજપે કમર કસી છે ત્યારે અનામત નીતિની સમીક્ષાની વાત કરવી એટલે બિહારમાંથી ભાજપને ચુંટણીમાં પીછેહઠ કરવી પડે અને તે હેતુંથી તાત્કાલિક ભારતીય જનતા પાર્ટી અનામતની સમીક્ષા માટે તૈયાર નથી તેવી જાહેરાતો કરી દેવાઈ.

જ્યારે બીજી બાજુ આરજેડીના પ્રમુખ લાલુપ્રસાદ યાદવે સંઘ અને ભાજપને પડકાર ફેકતાં કહ્યું હતું કે જો હિંમત હોય તો અનામત નાબુદ કરી બતાવો. સોશિયલ સાઈટ ફેસબુકમાં પોતાની વોલ તથા ટ્વીટ કરીને તેમણે ભાજપ અને સંઘ પર નિશાન સાધતા લખ્યું હતું કે હું ડરપોક ભાજપવાળાઓને ચેલેન્જ આપુ છું કે માનુ દુધ પીધું હોય તો અનામત ખતમ કરી બતાવો.કોની કેટલી તાકાત છે એ ખબર પડી જશે.તેમણે વધુમાં લખ્યુ હતું કે લાલુ ખતમ થઈ જશે પણ મુઠ્ઠીભર સામંતોનો એજન્ડા બહુમતી બહુજનો પર લાગુ નહીં થવા દે.

સંઘ અને ભાજપ અનામત નાબુદ કરવા માટે ગમે તેટલો સુનિયોજીત માહોલ બનાવે પણ દેશના ૮૦ ટકા દલિત અને પછાતો તેમને જડબાતોડ જવાબ આપશે.

તેમણે દલિતો અને પછાતોને એક થઈને ભાજપ અને સંઘની ડીઝાઈન સમજવાની અપીલ કરીને કહ્યું હતું કે ભાજપ તમારો જ સાથ લઈને તમને જ વહેચી નાખશે.

અત્યારે અનામત સમાપ્ત કરવાની વાત કરે છે પછી તમારી પાસેથી અનામતના આધારે મળેલું શિક્ષણ,નોકરી અને બધું ઝુંટવી લેશે.લાલુએ વડાપ્રધાન મોદીને સવાલ કરતાં લખ્યુ હતું કે લોકસભાની ચુંટણીમાં ખુદને પછાત ગણાવી વોટ મેળવવા માટે લોકોને છેતરનાર અને કથિત રીતે ચા વેચનાર મોદી જણાવે છે કે તેઓ પોતાના 'આકા' મોહન ભાગવતના કહેવાથી અનામત ખતમ કરશે કે નહીં ?

## પાટીદાર અનામત આંદોલન ભાજપ સરકાર અને સંઘ પ્રેરિત છે : વિપક્ષી નેતા શંકરસિંહ વાઘેલા

વિધાનસભામાં વિપક્ષી કોગ્રેસી નેતા શંકરસિંહ વાઘેલાએ ગુજરાતમાં પાટીદાર અનામત આંદોલનને ભાજપ સરકાર સ્પોન્સર્ડ અને સંઘ પ્રેરિત હોવાનો આક્ષેપ કર્યો હતો.જાહેર જીવન સંઘના કાર્યકર તરીકે જ શરુ કર્યું હોવાનું જણાવતાં વાઘેલાએ એમ પણ કહ્યું હતું કે તેમના છુપા એજન્ડા મારાથી વધારે કોણ જાણે ?મોહન ભાગવતના મનમાં જે હતું તે નીકળી ગયું છે હવે ઢાંકવાથી કંઈ વળે તેમ નથી.

સંઘના વડા મોહન ભાગવતે અનામતની સમીક્ષા થવી જોઈએ તેવા નિવેદનને ટાંકીને વાઘેલાએ કહ્યું હતું ` અનામતના મુળમાં પાંચ હજાર વર્ષનો ઈતિહાસ ધરબાયેલો છે.જેમણે સામાજિક રીતે નર્કાગાર જીવન વિતાવ્યું છે તે જ્ઞાતિઓના માટે દેશના ઘડવૈયાઓએ કરેલો નાનકડો પ્રયત્ન છે. સમાનતા લાવવા બંધારણીય અધિકાર છે. તેની સમીક્ષા સમયે સમયે લોકસભા,રાજયસભામાં સાંસદો કરે છે.જ્ઞાતિ આધારિત અનામત કોઈ એક પાર્ટીનું ફરજંદ નથી. બધાની અનુમતી છે.તેને એક્સટેન્સન થયા કરે છે. તેમાં ભાજપ પણ છે.આજે પાટીદાર સમાજ અનામત માંગવા નિકળ્યો છે તે આંદોલન ભાજપ સરકાર અને સંઘ પ્રેરિત છે. શાંત જળમાં પથ્થર નાંખવામાં આવે તેમ દેશમાં અનામત વિવાદનો મધપુડો છંછેડવા સંઘના વડાએ આવું નિવેદન કર્યું છે.ભાજપના ચાવવાના અને બતાવવાના જુદા છે.જમણેરી વિચારધારામાં ગરીબો, વંચિતો અને પછાતોના ઉત્થાનને જ સ્થાન નથી.હવે તો દેશમાં અને ઘણા રાજયોમાં ભાજપની સરકાર છે.સમીક્ષા માટે સક્ષમ પણ છે.પરંતુ કમસે કમ અનામત આપવા માટેના કારણો દુર થયા છે ખરા ?તેવો સવાલ કરતાં વાઘેલાએ કહ્યું હતું કે આજે પણ અનામત કેટેગરી કે વાલ્મીકી સમાજના યુવાન જો આઈએએસ કે અન્ય ઉંચા હોદ્દા પર હોય તો પણ ગામડામાં તને બાજુમાં બેસાડાતો નથી.ભોજન તો દુર પણ પીવાનું પાણી અને મર્યા પછી સ્મશાન પણ અલગ.લગ્ન પ્રસંગે વરઘોડા નહી,આ સ્થિતિ છે.આથી વર્ણાશ્રમને કારણે જેમને અન્યાય થયો છે તેમના ઉત્થાન માટે અનામત લાવ્યું છે. તે મર્મને બદલે સંઘના નેતાઓ ખોટો હાઉ અને ભ્રમણા ફેલાવી રહ્યા છે.જે બંધ કરે.

પાટીદારોના અનામતની માંગણી અંગે કોગ્રેસનું શું સ્ટેન્ડ છે તે સવાલનો જવાબ આપતાં વાઘેલાએ જણાવ્યુ હતું કે ગુજરાતમાં અને કેન્દ્રમાં અમારી સરકાર નથી.તેના ઉકેલ માટે વિકલ્પો છે. લોકશાહીમાં માંગણી કરવી એ દરેકનો અધિકાર છે. માટે જ અમારા પક્ષના ધારાસભ્યો સમક્ષ જે કોઈ રજુઆત લઈને આવે છે તે અમે સરકાર સમક્ષ પહોચાડીએ છીએ.સરકારને માંગણીકર્તાઓ ઉપર ફાયરીંગ કરવાનો કોઈ જ અધિકાર નથી. જે રીતે પાટીદાર મહિલાઓ અને યુવાનો પર લાઠીચાર્જ કરવામાં આવ્યો છે તે મુદ્દે અમે વિધાનસભામાં શોક પ્રસ્તાવ પણ દાખલ કર્યો હતો.અને નાગરિકો વચ્ચે જઈને તેનો વિરોધ પણ કર્યો હતો.

### ગ્રાહક મિત્રોને વિનંતી.

આપનું લવાજમ બાકી છે/પૂરું થયેલ છે.લવાજમ અને આર્થિક સહયોગ મનીઓર્ડરથી નીચેના સરનામે મોકલી શકો છો.

**ગરવી નવક્રાન્તિ સાપ્તાહિક**

૨/૧૦ સોનિયા એપાર્ટ. પીટીકોલેજ રોડ,નારાયણ નગર અમદાવાદ - ૭

ફોન નં. ૯૮૨૫૧૬૯૩૮૬- ૦૭૯ ૬૫૨૧૪૭૫૬



## કર્ણાટકના બેલગામ નજીક આવેલ કેથોલિક ખ્રિસ્તી કબ્રસ્તાનની કટ્ટરવાદીઓ દ્વારા તોડફોડ કરાઇ

કેથોલીક ખ્રિસ્તી કબ્રસ્તાન જે ભરતનગર,શાહપુર એરીયા કે જે બેલગામ સીટીથી લગભગ ૨ કી.મી.ના અંતરે આવેલ છે અને જે જુના બેલગામ કે જે હેન્ડલુમ મીલ્સ માટે પ્રખ્યાત છે ત્યાં આવેલુ આ કબ્રસ્તાનમાં કેટલાક કટ્ટરવાદીઓ દ્વારા તોડફોડ કરવામાં આવી હતી.આ કબ્રસ્તાનમાં કેટલાક લોકો જ્યારે દફનવિધિ માટે ગયા ત્યારે જોયું કે કબ્રસ્તાનમાં મોટી તોડફોડ કરવામાં આવી હતી.કબ્રસ્તાનમાં કબરો ઉપર રાખવામાં આવેલા ક્રોસ તોડી પાડવામાં આવ્યા હતા.અથવા કેટલાક ઉખાડીને આજુબાજુ ફેકી દેવાયા હતા.કબરો ખોદી કાઢવામાં આવી હતી.કબરો પરના પથ્થરો ઉખાડી ફેકી દેવાયા હતા.

કબ્રસ્તાનમાં બનાવવામા આવેલ વેઈટીંગ રુમમાં દારુની ખાલી બોટલો અને નિદાત્મક ટીપ્પણી કરતાં પીકચર્સ અને લખાણો છોડી દેવાયા હતા.તેવું બિશપે જણાવ્યું હતું.બિશપે કહ્યું હતું કે ચર્ચ પછી કોઈ જગ્યાને પવિત્ર ગણવામાં આવી હોય તો તે કબ્રસ્તાન છે.

ત્યાંની સ્થાનિક ચર્ચ સત્તાવાળાઓના જાણમાં આ ઘટના આવ્યા બાદ તેમણે શાહપુર પોલીસ સ્ટેશનમાં આ અંગેની ફરિયાદ નોધાવી હતી.બિશપ પીટર મેચાડો, બેલગાંવે કહ્યુ હતું કે આ ઘટનાએ ખ્રિસ્તી સમાજની લાગણીઓ દુભાવી છે.તેમણે બેલગામ સીટી કોરપોરેશનને કબ્રસ્તાનની ફરતે પ્રોપર વાડ કે ફેન્સીગ કરી આપવા અનુરોધ કર્યો હતો.જેથી ભવિષ્યમાં આવી ઘટનાઓ રોકી શકાય.તેમજ પોલીસને વિનંતી કરી હતી કે આ ઘટનામાં સંડોવાયેલાઓને શોધી કાઢવામાં આવે.પોલીસે તપાસ શરુ કરી છે પરંતુ હજુ સુધી આ ઘટનામાં સંડોવાયેલાઓને શોધી શકી નથી.

## પશ્ચિમ બંગાળમાં ગૌમાંસ પર પ્રતિબંધનો મુખ્યમંત્રી મમતા બેનરજીનો ઇન્કાર

પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનરજીએ રાજયમાં ગૌમાંસ પર પ્રતિબંધ લાદવાનો ઈન્કાર કરી દીધો છે.રાજયમાં દુર્ગા પુજા વખતે ગૌમાંસ પર પ્રતિબંધ લાદવા મુખ્યમંત્રીને અપીલ કરવામાં આવી હતી. જેને તેમણે ફગાવી દીધી હતી. મમતાએ એક કાર્યક્રમમાં કહ્યુ હતું કે કોણે શું ખાવું તે સરકાર નક્કી કરી શકે નહીં. પશ્ચિમ બંગાળ એક સાંપ્રદાયિક એકતા ધરાવતું ધર્મનિરપેક્ષ રાજ્ય છે.અહીં માટે શું ખાવું તે મારે નક્કી કરવાનું છે. તમારે શું ખાવું તે નક્કી કરવાનો અધિકાર તમને છે.રાજ્ય અલ્પસંખ્યક વિકાસ વિભાગના કાર્યક્રમમાં મમતાએ કહ્યુ હતું કે રાજયમાં તોફાનો ભડકાવવાના કોઈ પણ પ્રયાસોને ચલાવી લેવાશે નહી.રાજયમાં અવાર નવાર ધાર્મિકતાના મુદે સરકાર પર દબાણ વધારવાના પ્રયાસો કટ્ટરવાદીઓના ફળે તેમ નથી.

**ગરવી નવક્રાન્તિ સાપ્તાહિક વેબ સાઇટ ઉપર જોઇ શકો છો**

**http://jagadishchristian.com**

ઉપરોક્ત વેબ સાઈટ ઉપરાંત ફેસબુક http://facebook.com/robin.dholakia ઉપર પણ જોઈ શકાશે.

# ગરવી નવક્રાંતિ

પાટીદાર આંદોલનને સરકારે કચડી નાંખવા માટે પ્રયત્નો કર્યા પરંતુ તેનું કદ વિસ્તરતું ગયું.સરકારે જાહેર કરેલ પેકેજ પણ તેઓને માન્ય રહયું નહી અને તેને તેઓએ નકારી કાઢ્યું.ઉપરાંત અન્યોને પણ એવું લાગ્યું કે સરકાર હવે આદોલનકારીઓને પેકેજ આપવા કોશીશ કરી રહી છે ત્યારે અન્ય જ્ઞાતિઓને પણ સરકારનો લાભ લઈ લેવા માટે અભરખો જાગ્યો.કોર્ટે અપનાવેલ વલણ કંઈક અંશે સરકારી તરફેણમાં હતું. પરંતુ હવે ઘોડા છુટી ગયા પછી તબેલાને તાળા મારવાનો પ્રયોગ ફાવી શકયો નથી. સરકારની દાનત પાટીદારોના લોકોને હવે ખબર પડી ગઈ છે અને હવે લગભગ પુરો સમાજ આંદોલનકારીઓની સાથે ભળી ગયો છે. તેથી સરકાર માટે કપરો સમય આવ્યો છે.બીજી બાજુ યુએસમાં ઘણી બધી મહેનત બાદ પણ માહોલ બદલી શકાયો નથી. માત્ર ભારતમાં મીડીયા ઉપર અને સમાચાર પત્રોમાં પેઈડ ન્યુઝ છપાતા હોય તેવું ભાસે છે.ખરેખર વડાપ્રધાનની યુએસ મુલાકાતની ફલશ્રુતિમાં ફાયદો કરતાં નુકશાન વધુ દેખાયું છે. માત્ર પોતાની વાહવાહ ચારેબાજુ થાય તેવો એક આભાસ ઉબો કરવાનો પ્રયત્ન દેખાઈ રહ્યો હતો.

## મંતવ્ય

મહારાષ્ટ્રમાં ભારતીય જનતા પાર્ટીની સરકાર સાથે જોડાયેલ શિવસેનાએ ભારતના વડાપ્રધાનની અમેરિકા યાત્રાની ભારે ટીકા કરી હતી.શિવસેનાના મુખપત્ર સામનામાં ઉધ્ધવ ઠાકરે જણાવ્યું હતું કે ભારતના ભુતપુર્વ વડાપ્રધાનો જવાહરલાલ નેહરુ અને ઈન્દીરા ગાંધીના સમયમાં સોશ્યલ મીડીયા નહોતું છતાં તેમની વિદેશોમાં ભારે પ્રતિષ્ઠા હતી.તેમને પોતાના માટે કોઈ મીડીયાનો સહારો લઈને વિશેષ જાહેરાત કરવી પડતી નહોતી. આ ઉપરાંત દેશના અર્થતંત્રમાં જે ઐતિહાસિક નિર્ણયો લઈને મજબુત અર્થતંત્ર બનાવવામાં ભુતપુર્વ વડાપ્રધાનો નરસિંહારાવ અને મનમોહનસિંહ આપેલ યોગદાનને વિરોધમાં હોવા છતાં બિરદાવ્યુ હતું. અને કહયું હતું કે ભલે અમો તેમના વિરોધીઓ હોઈએ પરંતુ તેમણે દેશની પ્રગતિ માટે કરેલ યોગદાનને બિરદાવવું જોઈએ.

ખરેખર શિવસેનાએ ભુતકાળમાં તેમના વિરોધીઓ દ્વારા દેશ માટે આપવામા આવેલ સારા યોગદાનને બિરદાવીને એક સારી કામગીરી કરી છે અને તે પ્રશંસનીય છે.જો કે યુ.એસ. મુલાકાત દરમિયાન વડાપ્રધાન મોદીની તેઓએ ટીકા પણ કરી અને સાથે સાથે તેમની અમુક બાબતોને બિરદાવી પણ હતી.ખરેખર વિરોધીઓએ સારી બાબતોને ખુલ્લા મને આવકારવી જોઈએ અને ટીકા કરવા જેવી બાબતો માટે પણ પાછી પાની ના કરવી જોઈએ. માત્ર મતદારોને જ રીઝવવા માટે ગમે તે કક્ષાએ જઈને સિધ્ધાંન્તોમાં બાંધછોડના કરવી જોઈએ. તાજેતરમાં માંસાહાર બાબતે પણ શિવસેનાએ કોઈના વિરોધની પરવા કર્યા વગર તેમને જે સાચુ લાગ્યું તે જાહેરમાં વિના સંકોચે જાહેર કર્યું છે.અને તેને લોકોએ આવકાર આપ્યો છે.

મીનેષ પી. વાઘેલા

★ નીલા ફાઇનાન્સ ★

આપની બચત યોગ્ય સ્થાને મુકવી છે.?

જેવી કે માસિક આવક યોજના,રાષ્ટ્રીય બચત પત્રો,કિસાન વિકાસ પત્ર,ટાઇમ ડીપોઝીટ તથા રીકરીંગમાં રોકાણ કરવા માટે, તેમજ વીમા, મ્યુચ્યુઅલ ફંડ, તથા પાન કાર્ડ માટે મળો.

નીલા સી.ગામડીયા

'નીલીવા કુંજ' પંડિત નહેરુ વિદ્યાવિહારની બાજુમાં, બહેરામપુરા, અમદાવાદ -૩૮૦૦૨૨ ● ફોન નં.૨૫૩૫૫૮૫૮,૩૫૩૮૩૩૨૨

જાહેર ખબરના ભાવ

| | | | |
|---|---|---|---|
| આખુ પાન | રૂ.૫૦૦૦ | અર્ધુ પાન | રૂ.૨૫૦૦ |
| ૧/૪ પાન | રૂ.૧૨૫૦ | ૧/૮ પાન | રૂ. ૬૦૦ |
| વાર્ષિક પેનલ | રૂ.૫૦૦૦ | માસિક પેનલ | રૂ.૧૮૦૦ |

ટચુકડી જાહેરાત રૂ.૩૦૦

વ્યવસાયિક જા.ખ. રૂ.૬૦ કો.સે.મી.

આપની કોઇપણ પ્રકારની જાહેર ખબરો સંપૂર્ણ વિગત સાથે મોકલી આપી , વિશાળ વાચક વર્ગ સુધી પહોંચાડો.જાહેરખબર દર મંગળવારે કાર્યાલય પર પહોંચાડવી

સંપર્ક : ૯૮૨૫૧ ૬૯૩૮૬, ૦૭૯-૬૫૨૧૪૭૫૬

# ધાર્મિક લઘુમતિ ખ્રિસ્તીઓના રક્ષણ માટે પાર્લામેન્ટ સ્ટ્રીટ ખાતે ખ્રિસ્તી સમાજના લોકોએ સરકાર સામે શાંતિપુર્ણ દેખાવો યોજ્યા



આઠ હજારથી વધુની સંખ્યામાં શાંતિ વિરોધ માટે ક્રિશ્ચિયન કોમ્યુનીટી દિલ્હી,કે જે સંયુક્ત રીતે દિલ્હી પાસ્ટર એકશન ટીમ અને ઈવેન્જલીકલ ફેલોશીપ ઈન્ડીયાની સાથે પાર્લામેન્ટ સ્ટ્રીટ,સંસદ માર્ગ, દિલ્હી ખાતે એકઠા મળીને વિરોધ પ્રદર્શન યોજ્યું હતું.તેઓની માંગણી ખ્રિસ્તી લઘુમતીઓને દેશમાં થઈ રહેલ અત્યાચારો સામે રક્ષણ આપવાની હતી.

ખ્રિસ્તીઓ વિરુધ્ધ એક શોચી સમજી ચાલ મુજબ તેમની ઉપર હુમલાઓનું આયોજન દેશમાં થઈ રહ્યું છે.ધાર્મિક સ્વતંત્રતાનું ઉઘાડું હનન થઈ રહ્યું છે.અને લઘુમતિઓની શાંતિ હણાઈ રહી છે.સરકારનું આ બાબતે ધ્યાન દોરવા માટે ખ્રિસ્તીઓના સંગઠનો દ્વારા આ વિરોધ પ્રદર્શન યોજવામાં આવ્યું હતું.દેશમાં ખ્રિસ્તીઓની વસ્તી ૨.૩ ટકા કુલ વસ્તીના પ્રમાણમાં છે.

વિરોધ પ્રદર્શનનું આયોજન કરનારા આયોજકો દ્વારા એક આવેદનપત્ર વડાપ્રધાન નરેન્દ્ર મોદીને આપવામાં આવ્યું હતું.આવેદનપત્રમાં જણાવાયું હતું કે આ વિરોધ પ્રદર્શન છેલ્લા ૨૦૧૪ની સાલથી કરવામાં આવી રહ્યું છે.ખ્રિસ્તીઓ વિરુધ્ધ દેશમાં કેટલાક કટ્ટરતાવાદી પરિબળો દ્વારા આયોજનબધ્ધ રીતે હિંસક હુમલાઓ કરવામાં આવી રહ્યા છે.અને વારંવાર સરકારનું ધ્યાન દોરવા છતાં અમારુ રક્ષણ કરવામાં આવતું નથી.૨૦૧૪-૨૦૧૫ના સમય દરમિયાન ૧૪૭ જેટલી હિંસક ઘટનાઓ ખ્રિસ્તીઓ વિરુધ્ધ બની છે.૨૦૧૫માં ખ્રિસ્તીઓ વિરુધ્ધની હિંસક ઘટનાઓ ૧૦૦ થી ઉપરનો આંક વટાવી ગઈ છે.આખા દેશમાં વ્યવસ્થિત રીતે ખ્રિસ્તીઓ વિરુધ્ધ હિંસક ઘટનાઓનો દોર ચલાવવામાં આવ્યો છે.ખ્રિસ્તી સાધ્વીઓ પર બળાત્કાર થાય, કેટલાક ૭૦વર્ષની વયના સીનીયર સીટીઝનો પર હુમલા થાય, ખ્રિસ્તી પાદરીઓ પર હુમલા થાય, ખ્રિસ્તી સંસ્થાનો અને ચર્ચો પર હુમલા થાય,ત્યારે કાયદો અને વ્યવસ્થા ક્યાં ખોવાઈ જાય છે.સરકાર તરફથી એવા પગલાં કેમ લેવાતા નથી અને શા માટે આવા કોમવાદી તત્વા સામે કડક હાથે કાર્યવાહી કરવામાં આવતી નથી.

તાજેતરમાં નિહાલ વિહાલ ખાતે એક ખ્રિસ્તી પાદરીને પોલીસની હાજરીમાં માર મારવામાં આવ્યો.એનો મતલબ એ થાય છે કે કાયદો અને વ્યવસ્થાની જાળવણી કરનારાઓ પણ આ કોમવાદી તત્ત્વો સાથે ભાગીદાર બની ગયા છે.આવા કેસોમાં ન્યાય ક્યારે અને કેવી રીતે મળશે ?

ગત સપ્તાહમાં મધ્યપ્રદેશ, પંજાબ,ઉત્તર પ્રદેશ અને છત્તીસગઢ માં બનેલા પાંચ બનાવો પ્રત્યે ધ્યાન આર્કષિત કરીએ છીએ.આ જગ્યાઓમાં જ્યાં ખ્રિસ્તીઓ પોતાના ધરોમાં પ્રાર્થના કરતા હતા ત્યારે તેમની પર હુમલા કરાયા.પોતાના ધરોમાં પણ ખ્રિસ્તીઓ સુરક્ષિત નથી.કટ્ટરવાદીઓને રાજકીય પીઠબળ છે અને પોલીસનો સપોર્ટ છે પછી કાયદો અને વ્યવસ્થા કે બંધારણ કેવી રીતે કામ કરી શકે.

વિરોધ પ્રદર્શન કરી રહેલા લોકોએ વડાપ્રધાનને સવાલ કર્યો હતો કે તમે આપેલ રીલીજીસ ફ્રીડમ અંગેના વચનો પોકળ પુરવાર થયા છે.અને લઘુમતીઓ સામે હિંસક ઘટનાઓ જે વાસ્તવિક રીતે ગ્રાઉન્ડ લેવલ પર બની રહી છે તેના માટે કોણ જવાબદાર છે.અમો ભારત દેશ માટે પ્રાર્થના કરીએ છીએ કે ભારતમાં ધાર્મિક સ્વાતંત્રતા જળવાય અને દરેક ધર્મના લોકો પોતાનો ધર્મ અને આસ્થા પાળી શકે.

પ્રેસ નિવેદનમાં જણાવાયું હતું કે માન. પ્રેસિડેન્ટ પ્રણવ મુકરજીએ રીપબ્લીક ડે ઓફ ઈન્ડીયાની સંધ્યાએ આપેલ પ્રવચનમાં દેશવાસીઓને અપીલ કરતાં કહ્યુ હતું કે માનવતાના મુલ્યોની જાળવણી થાય,એકબીજાને સહન કરવામાં આવે,અને કોમો કોમો વચ્ચે શાંતિ અને ભાઈચારો સંધાય.તેમણે કહ્યું હતું કે જીભથી થતી હિંસાં અને રાજકીય વાતોને કારણે થતો ઉકળાટ ભયંકર છે.દેશની સંસ્કૃતિ અને સભ્યતાનો નુકશાન કરે છે.ગાંધીજીને ટાંકતા કહ્યું હતું કે ધર્મ એકતાનું પ્રતિક છે.આપણે તેને લડાઈ કે ટંટામાં પરિવર્તિત ના કરી શકીએ.

સીવીલ સોસાયટીના ગ્રુપના રેકોર્ડ મુબજ ૨૬ મે ૨૦૧૪ થી ૧૩મે,૨૦૧૫ સુધીમાં ૪૩ લોકોના મોત નિપજ્યા છે.૬૦૦ કેસો હિંસાના બન્યા છે.૧૯૪ ખ્રિસ્તીઓને નિશાન બનાવાયા છે.આ ઉપરાંત મુસ્લીમ લઘુમતીઓને પણ નિશાન બનાવાયા છે.આ આંકડાઓ લઘુમતિઓને થઈ રહેલા દમનના આ દેશના છે જે ચિંતા ઉપજાવે તેવા છે.

ખુશ ખબર.. ખુશ ખબર.. ખુશ ખબર...

ખ્રિસ્તી સમાજ માટે બી.પી ઈન્સ્ટ્રુમેન્ટ, ગ્લુકોમીટર, થર્મોમીટર, સ્પાઈરોમીટર તેમજ કોઈપણ સર્જીકલ આઈટમો તદન વ્યાજબી ભાવે મળશે.

અમી સર્જીકલ

જય ક્રિશ્ચિયન

૧૩,સહયોગ પાર્ક-૧ ,ન્યુ ગામડી રોડ, આણંદ.૧

મો.:૮૨૩૮૦૦૧૯૮૯

૯૮૨૪૩૬૨૪૬૨

# નેપાળમાં હિંદુ રાષ્ટ્રનો પ્રસ્તાવ ફગાવાયા બાદ ચર્ચો પર હિંદુ કટ્ટરવાદીઓના હુમલા

નેપાળમાં નવા બંધારણની રચના કરી રહેલી બંધારણ સભાએ દેશને હિંદુ રાષ્ટ્ર જાહેર કરવાનો પ્રસ્તાવ ફગાવી દીધો હતો. અને દેશને બિનસાંપ્રદાયિક બનાવવાનો મનસુબો જાહેર કર્યો હતો.બંધારણ સભાએ હિંદુ રાષ્ટ્ર નહિ ધોષિત કરવાના નિર્ણયને કારણે નેપાળમાં હિદુ કટ્ટરતાવાદી પરિબળો જેમને કેટલાક પાડોશી કટ્ટતાવાદીઓનો સાથે સહકાર છે તેમણે દેશમાં આતંક મચાવવા માંડ્યો હતો.અને આ હિદુ કટ્ટરવાદીઓ હિંસા પર ઉતરી આવ્યા હતા.આ કટ્ટરવાદીઓ દ્વારા નેપાળમાં આવેલા ચર્ચો પર વ્યવસ્થિત હુમલાઓ કરવામાં આવ્યા હતા.તથા પોલીસ સ્ટેશનો પર હુમલા કરી વિસ્ફોટો કર્યા હતા.પોલીસે જણાવ્યું હતું કે ઝાપા જિલ્લામાં બે ચર્ચમાં થયેલા વિસ્ફોટોમાં કોઈને ઈજા થઈ નહોતી. પરંતુ અન્ય એક ચર્ચમાંથી મળી આવેલો બોંબ પોલીસ સ્ટેશનમાં લવાયા બાદ ફાટતાં ત્રણ પોલીસ કર્મચારીઓને ઈજા પહોચી હતી.વિસ્ફોટ કરાયેલા ચર્ચો ખાતેથી હિંદુ મોરચા નેપાળ નામના સંગઠનની પત્રિકાઓ મળી આવી હતી.

નેપાળને હિંદુ રાષ્ટ્રનો પુનઃદરજ્જો આપવા રાષ્ટ્રીય પ્રજાતંત્ર પાર્ટી દ્વારા રજુ કરાયેલ પ્રસ્તાવે બંધારણીય સભાએ નકારી કાઢ્યા હતા.ત્યારબાદ હિંદુ કટ્ટરતાવાદી ધાર્મિક સંગઠનો અને જમણેરી પાર્ટીઓના કાર્યકરો હિંસા પર ઉતરી આવ્યા હોવાથી સ્થિતિ વણસી ગઈ હતી.

દેશમાં ધર્મના નામે આતંક ફેલાવનારા પરિબળો સામે સખ્તાઈથી કામ કરવા માટે કાયદો અને વ્યવસ્થાની દેખરેખ રાખનારાઓને નસીહત અપાઈ છે. જો કે ધર્મના નામે આતંક ફેલાવનારા લોકો સામે દેશદ્રોહના ગુનાસર કામગીરી કરાવી જોઈએ.દેશમાં અરાજકતા ફેલાવવા કરતાં વિસ્ફોટો દેશનુ તંત્ર ખોરવવાનું કામ કરે છે અને આ પ્રમાણે વ્યવસ્થિત આયોજનો કરનાર સામે કાયદાએ કડક હાથે કાર્યવાહી કરવી પડશે.

# વડાપ્રધાનની અમેરિકા યાત્રા વખતે સ્થાનિક ચળવળકારો વિરોધ કરશે

ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદી અમેરિકાની મુલાકાતે જવાના છે તે દિવસોમાં ત્યાંના સ્થાનિક ચળવળકારોએ તેમનું સ્વાગત વિરોધ કરી કરવાનું નક્કી કર્યુ હતું. એક તરફ અનામત આંદોલનને પગલે એનઆરઆઈ પટેલોએ મોદીની યાત્રા સામે નારાજગી દર્શાવી છે.ત્યારે બીજી તરફ માનવ અધિકારવાદીઓએ તેમની મુલાકાત સામે ભારે વિરોધ લીધો છે.

સીલીકોન વેલીમાં તેઓ ડીજીટલ ઈન્ડીયાના પહેલના માર્કેટીંગ માટે જઈ રહ્યા છે.ત્યારે તે પહેલાં જ તેમના વિરોધમાં વેબસાઈટ અને ટ્વીટર હેન્ડલ તૈયાર થઈગય્ છે.એટલું જ નહી પણ મોદી વિરુધ્ધ અઢળક સંદેશાઓ લખાઈ ગયા છે. જે લોકોએ આ હેશટેગ તૈયાર કર્યું છે તેઓ ભારતીય અમેરિકન ચળવળકારો છે અને પોતાને એલાયન્સ ફોર જસ્ટીસ એન્ડ એકાઉન્ટેબીલીટી નામની સંસ્થાના કાર્યકરો ગણાવી રહ્યા છે.એલાયન્સના પ્રવક્તાએ કહ્યું છે કે ભારતમાં જ્યારથી મોદીને સત્તા મળી ત્યારથી લઘુમતીઓ,દલિતો અને મહિલાઓ પર અત્યાચારનું પ્રમાણ વધ્યું છે.તે ઉપરાતં પર્યાવરણને નુકશાન થયું છે.તે પ્રમાણેની નીતિઓ પણ અમલી બની છે.નાગરિક ચળવળો દબાવી દેવામાં આવી છે.અને સાંસ્કૃતિક સંગઠનોને ખતમ કરી દેવાયાં છે.વિદેશમાં તેઓ ઈમેજ બનાવવા પ્રયત્ન કરી રહ્યા છે.અને ઘરઆંગણે તેઓ માનવઅધિકારોનો ભંગ કરતા રહ્યા છે.




વિનંતી

તમારી પ્રાર્થનામાં અમારી સેવાઓને ખાસ યાદ રાખશો.

ઇન્ટરનેશનલ જીવનસાથી પસંદગી કેન્દ્ર

- દેશ,વિદેશ તથા ડીવોર્સી પાત્રો માટે જીવનસાથી પસંદગી કેન્દ્ર
- આર્થિકરીતે નબળા,વિધવા કે બેરોજગાર યુવતીઓ પાસેથી
- રજીસ્ટ્રેશન ફી લેવામાં આવતી નથી.
- રજીસ્ટ્રેશન ફી સિવાય કોઇ ફી લેવાતી નથી.
- ફોટોગ્રાફ સાથેનો બાયોડેટા પોસ્ટથી મોકલી શકાશે.
- રજીસ્ટર લગ્ન તથા સમુહ લગ્ન માટેની વ્યવસ્થા મળી શકશે.
- લગ્નવાંચ્છુ યુવક-યુવતીઓના બાયોડેટા ઇન્ટરનેટ પર વિના મુલ્યે મુકી શકાશે.
- સ્વરોજગાર માટે વિના મુલ્યે સિલાઇ મશીન મેળવવા સંપર્ક કરવો
- ઇઝરાયેલની પવિત્રભુમિના પ્રવાસના પુસ્તકો મળશે.

સંપર્ક :-શ્રી ભાઇલાલભાઇ એસ.ટેલર

પાર્ક સ્ટ્રીટ,મેથો નર્સીંગસ્કુલ સામે.મિશન રોડ,નડીયાદ.

મો.૯૮૯૮૩૧૮૬૮૫. ૯૭૧૪૫૧૮૩૬૭


# મુંબઇમાં ફરીથી મરાઠી વાદનું ગાણુ ઉપડ્યુ આ વખતે તેનો ઝંડો ભારતીય જનતા પાર્ટીએ ઉઠાવ્યો

મહારાષ્ટ્રમાં મરાઠાવાદનો એકમાત્ર ઝંડો લહેરાવવાનું કામ અત્યાર સુધી શિવસેનાનું હતું. ત્યાર બાદ મનસે મેદાનમાં આવી અને તાજેતરમાં સત્તાધારી ભારતીય જનતા પાર્ટીએ મરાઠાવાદનું ગાણું ગાવાનું ચાલુ કર્યુ. મરાઠાઓના મત અંકે કરવાની ભાજપની એકમાત્ર ચાલ રુપે આ બાબતને જોવામાં આવી રહી છે.જો કે હમણાં હમણાં ભાજપ તરફથી પર્યુષણ નિમિત્તે માંસાહાર પર બંધી અને કતલખાના પર બંધીની સખ્તાઈ સામે શિવસેના અને મનસે મેદાનમાં આવી અને સાથી પક્ષો હોવા છતાં ભાજપની મહારાષ્ટ્રમાં ગુજરાતી જૈન મતદારોને પોતાની તરફ અંકે કરવાની ભાજપની ચાલ પર પાણી ફેરવી દીધું.હવે ભાજપે વળતો પ્રહાર કર્યો છે.બીજ મહારાષ્ટ્રીયન લોકો લોકલ ટ્રાન્સપોર્ટના વ્યવસાયમા મહત્તમ રોકાયેલા છે.મુંબઈગરાઓ માટે રીક્ષા ઘર સુધી પહોચવાનું મહત્વનું માધ્યમ ગણાય છે.હવે ભાજપની રાજ્ય સરકારે નવું ગતકડું બહાર પાડ્યું છે કે જે અન્વયે રિક્ષા ડ્રાઈવરોને મરાઠી આવડતું હોય તો જ શહેરમાં તેઓ રીક્ષા ચલાવી શકશે.અને તેનેજ સમયાંતરે પરમીટ આપવામાં આવશે.જેને મરાઠી આવડતું નથી તેવા રિક્ષા ડ્રાઈવરોને શહેરમાં રીક્ષા દોડાવવાની પરમીશન આપવામાં આવશે નહી.પરિવહન મંત્રી પ્રધાન દિવાકર રાવતે આ આદેશ જારી કર્યો હતો.

માજી રાજય પરિવહન મંત્રી સચિન આહીરે જણાવ્યું હતું કે આ બાબતે હું વાંધો ઉઠાવું છું.મુંબઈમાં રીક્ષા ચલાવવા માટે મરાઠી આવડવું જોઈએ તેવા આદેશને વખોડું છું.આ કાયદાની દષ્ટ્રિએ ગેરકાયદેસર આદેશ છે.જો આદેશની ચારેબાજુએથી ટીકા થઈ રહી છે.રીક્ષાની પરમીટ રીન્યુ કરવા માટે મુંબઈ મહાનગરની હદમો વીસ હજાર રુપીયા અને અન્ય ક્ષેત્ર માટે પંદર હજાર રુપીયાનો રોડ ટેક્સ ચુકવવો પડશે.તેમજ ચાલકોને મરાઠી આવડવું ફરજીયાત છે.રીક્ષામાં જીપીએસ-જીપીઆસએસ સીસ્ટમ બેસાડવી જરુરી છે.તેમજ રીક્ષા ડ્રાઈવરે રહેઠાણનો પુરાવો રાખવો પણ ફરજીયાત બનાવાયો છે.નવી પરમીટ માત્ર ૨૫ ટકા જેટલાને જ આપવમાં આવશે.

# મધ્ય પ્રદેશમાં પાંચ લાખ લોકો પણ અનામતની માંગણી કરશે

મધ્ય પ્રદેશના રતલામમાં અનામતની માંગણી સાથેનું પાંચ લાખ લોકનું એક મહાસંમેલન ૧૧ ઓકટો.ના રોજ બોલાવવામાં આવ્યું છે.જેમો પાટીદાર જ્ઞાતિ જેવી કે કુર્મી,ગુર્જર અને પાટીદારો જોડાશે.અનો દેશમાં તમામ પાટીદારોને અનામત આપવાની માંગણી કરશે.આમ હવે ખરા અર્થમાં ગુજરાતનું આંદોલન દેશવ્યાપી બની રહ્યું છે.હાર્દિક પટેલે જાહેર કર્યુ હતું કે ગુજરાતના પાટીદારોનું અનામત આંદોલન દેશવ્યાપી બનાવવામાં આવશે.

અખિલેશ કુટિયારે દિલ્હીથી જાહેરાત કરી હતી કે દેશભરના ૨૭ કરોડ પાટીદારો અને કુર્મીઓ એક બનીને રાષ્ટ્રવ્યાપી આંદોલન કરીને અનામત માટે કેન્દ્ર સરકાર સમક્ષ માંગણી મુકશે.ગુજરાતમાં સફળતા પુર્વક આંદોલન ચલાવી રહેલા પાટીદારોના નેતા હાર્દીક પટેલ ને આ સંમેલનના મુખ્ય મહેમાન તરીકે જાહેર કર્યા છે.તેઓ આ આંદોલનની આગેવાની લેશે. ગુજરાતમાં જીએમડીસી મેદાનમાં ૧૦ લાખથી વધુ પાટીદારોને એકઠા કરીને અનામતની માંગણી કરી હતી તેનાથી અમો પ્રભાવિત થયા છીએ. તેથી ગુજરાતના સફળ નેતાને અમે નેતા તરીકે નિયુક્ત કરીએ છીએ. હાર્દિક પટેલને આ બધાની નેતાગીરી લેવાની વિનંતી કરી હતી તે તેમણે સ્વીકારી છે.હાર્દિક પટેલે દિલ્હી ખાતે લીધેલી મુલાકાતમાં ચૌધરી પટેલ(આંજણા) જ્ઞાતિ તથા કુર્મી પાટીદારોએ ઠરાવ કરીને હાર્દિક પટેલને દેશભરના પાટીદારોના નેતા તરીકે જાહેર કર્યા હતા.જે રીતે પાટીદાર આંદોલન આગળ વધી રહ્યું છે તે રીતે હવે આંદોલન વ્યાપક બનતું ગયું છે.સરકાર અને અન્ય તેના સંલગ્ન પક્ષોએ આ આંદોલનને તોડી પાડવા ભગીરથ પ્રયત્નો આદર્યા છે.પરંતુ હવે આંદોલન વિશ્વ કક્ષા સુધી આગળ વધી ગયું છે. જો તેનો ઉકેલ ઝડપી નહી આવે તો રાજકીય સંકટ પેદા થશે તેવું દેખાઈ રહ્યુ છે.યુએસમાં કેવું થાય છે તે જોવું રહ્યુ.

ફરીથી સરકારે હાર્દિક પટેલને નાના ગુનાસર ધરપકડ કરીને ગુજરાતની શાંતિમાં ફરી એક વાર કાંકરો ફેકવાનો પ્રયત્ન કર્યો. આ આંદોલનને કચડી નાંખવાના પ્રયત્નરુપે આ પગલું ભરવામાં આવ્યું.વડાપ્રધાનની અમેરિકા યાત્રા પહેલા આ આંદોલનની તાકાત તોડી નાંખવાનો એક રાજકીય પ્રયત્ન થયો.


IN THE FOOTESTED OF JESUS

HOLYLAND TOUR

પ્રભુ કૃપાથી ઇઝરાયેલ ટુર -૨૦૧૫ નું આયોજન કરેલ છે.
દેશ-પરદેશના ઇચ્છુક ભાઇ-બહેનોને આ ટુરમાં જોડાવવા માટે જાહેર આમંત્રણ છે. આ ટુરમાં આપ જોઇ શકશો

ઇઝરાયેલ, ઇજીપ્ત, જોર્ડન, દુબાઇ બતાવીશું.

Tour Date 11 November,2015

પેકેજ પ્રાઇસમાં સામેલ છે. એરટિકિટ, નાસ્તો, લંચ,ડીનર, એન્ટરન્સ ફીએરપોર્ટ ટેક્સ, વીઝાફી, ખાસ ટીપ((Tips),એરફેર, હોટેલ્સ, ગાઇડ ફી,વાહનભાડાં સામેલ છે. અન્ય કોઇ છુપો ખર્ચ નહિ. ગુજરાતીમાં અનુવાદ સાથે સમજ આપવામાં આવશે.

પ્રાર્થન પોલ ગોહિલ,
C/40,નતાશા પાર્ક રેસીડેન્સી- , નિઝામપુરા, વડોદરા. ૩૨૦૦૨૪ મોબાઇલ ને. ૯૮૭૯૪૪૩૩૭૪,૯૪૨૮૬૯૧૦૮૦
E.mail ID : prarthgohil@gmail.com

* * * * * * * * * * * *

# વર્ગ વિગ્રહ થતો અટકાવવા માટે ભારતીય સમરસતા મંચ શાંતિપુર્ણ આંદોલન ચલાવશે

ગુજરાત પાટીદાર અનામતની માંગને કારણે અત્યારે જે પરિસ્થિતિનું નિર્માણ થયું છે તેને અનુલક્ષીને હવે શાંતિપુર્ણ રીતે આંદોલન ચલાવવા ભારતીય સમરસતા મંચની રચના કરાઇ છે.સમાજમાં વર્ગવિગ્રહની સ્થિતિ ન ઉદ્દભવે તે માટે બિનઅનામતના તમામ સમાજના આગેવાનો એકઠા થઇને મંચ બનાવ્યું છે. મંચે બોલાવેલી પત્રકાર પરિષદમાં જાહેરાત કરી છે કે તેઓ આર્થિક રીતે પછાતના આધાર પરઅનામત આપવા માટે સરકાર સમક્ષ રજુઆત કરશે.ભારતીય સમરસતા મંચના આગેવાન કરણસિંહ ચાવડાએ કહ્યું કે અમારે એસસી-એસટી, કે ઓબીસીમાંથી કંઇ જ જોઇતું નથી પરંતુ તેમને જે તમામ લાભો મળ્યા છે તે તમામ લાભ આર્થિક રીતે પછાત કુટુંબોને મળવા જોઇએ. સરકાર જો પેકેજ જાહેર કરે તો તેનો અભ્યાસ કરીને જે કાંઇ ખુટતી માંગ હોય તેની પેશકસ સરકાર સમક્ષ આ મંચ કરશે.અનામત તોફાન મામલે સીઆઇડી ક્રાઇમ તપાસ પુર્ણ કરીને રીપોર્ટ આવ્યે જવાબદારો સામે પગલાં ભરવાની પણ માંગણી કરી હતી.

# મક્કામાં થયેલ હોનારતમાં ગુજરાતના ૧૦ હજયાત્રીઓના મોત અને ૨૪ લાપત્તા બન્યા

મક્કામાં હજાયાત્રાએ ગયેલા ગુજરાતના હજયાત્રીઓ પૈકી ભાગદોડમાં મરણ પામેલાનો આંકડો ૧૦ ઉપર પહોંચી ગયો છે. આ ઉપરાંત ગુજરાતના જ ૨૪ હજયાત્રીઓનો પત્તો લાગ્યો નથી.જેમનો પત્તો લાગ્યો નથી તેમના નામો મક્કામાં જાહેર થયેલ મૃતકોની યાદીમાં નથી.તેમજ હોસ્પીટલમાં સારવાર લઇ રહેલ ઘાયલની યાદીમાં પણ નથી.આ પ્રમાણે જોતા હજુ પણ ગુજરાતના હજયાત્રીઓનો મૃત્યુ આંકડો વધવાનો સંભાવના છે.

# સરકાર દ્વારા જાહેર કરાયેલ આર્થિક પેકેજનો લાભ મળશે કે કેમ ? દ્વિધા

ગુજરાતમાં છેલ્લા ત્રણ મહિનાથી ચાલી રહેલ પાટીદાર આંદોલન સામે સરકાર દ્વારા જાહેર કરાયેલ પેકેજ માટે લોકોમાં શંકા આશંકા ઉભી છે.આ પેકેજ બિન અનામત વર્ગના હોશિયાર વિદ્યાર્થીઓ માટે આગામી દિવસોમાં આર્શીવાદરુપ બની શકે તેમ છે.પરંતુ તેનો અમલ કેવી રીતે થાય છે તેના પર તમામ આધાર હોવાનો મત પ્રગટ કરવામાં આવી રહ્યો છે.ભુતકાળમાં સરકાર દ્વારા લાગુ કરાયેલ પેકેજોની દશા અને દિશા જોતાં આર્થિક પેકેજ અંગે પણ અને તર્ક વિતર્કો થયા કરે છે.

માત્ર અનામતની આગ ઠારવા માટે જ થઇને જાહેર કરાયેલ આર્થિક પેકેજ બાબતે સરકારની મનશા બાબતે અનેક લોકોમાં શંકા આશંકાઓ થઇ રહી છે. હવે જ્યારે આ પેકેજ લાગુ પડે અને તેનો ખરેખર લાભ મળે ત્યારે જ....


AGNELO FREE MARRIAGE SERVECES, INDIA

agnelofreemarriagebureau@gmail.com.

parmar_kanu2002@yahoo.co.in

http://jagadishchristian.com/

Conact No.0091 9824489344,

(R)0091-2692-260332



ગ્લોરી કેટરીંગ સર્વીસ

આપને ત્યાં ઉજવાતા માંગલિક પ્રસંગો જેવાકે સગાઇ, લગ્ન, રિસેપ્સન, બર્થડે પાર્ટી તથા નાના મોટા જમણવારોમાં જમણ અંગેની તમામ વ્યવસ્થા વ્યાજબી ભાવે કરી આપીશુ.

શુધ્ધ, સાત્વીક,સ્વાદિષ્ટ રસોઇ માટે એકવાર મુલાકાત ગોઠવો અને નિશ્ચિત બની આપના પ્રસંગનો અનેરો આનંદ માણો

ચિંતા વગરનો પ્રસંગ એ જ પ્રસંગનો આનંદ

સંપર્ક: જહોન એમ.મેકવાન

૮/૪૪,આશા એપાર્ટ,કિરણ પાર્ક પાસે,નવા વાડજ,અમદાવાદ-૧૩

ફોન નં.૨૭૫૫૯૦૮૩ મો,૯૩૭૫૨૦૯૯૨૪




# ‘કંધમાલનો અશુભ દિવસ‘ઓડીસાના ખ્રિસ્તીઓ વિરુધ્ધનો હિંસા દિવસ તરીકે મનાવાશે

ડો.જોન દયાલ, જાણીતા જર્નાલીસ્ટ અને એકટીવીસ્ટ કંધમાલમાં ખ્રિસ્તી વિરુધ્ધ ૨૦૦૮માં પ્રસરેલી હિંસાની ૬ વરસી નિમિત્તે જંતર મંતર ખાતે યોજાયેલ સોલીડારીટી એન્ડ પ્રોટેસ્ટ ઇવન્ટમાં પોતાનું વ્યકત્વ આપી રહ્યા છે તે વખતનો આ ફોટો છે.સાંભલપુર : રીજીનીયોલ કાઉન્સીલ ઓફ બિશપ્સ ઇન ઓડીસાએ નક્કી કર્યુ છે કે પ્રત્યેક વર્ષના ઓગષ્ટ માસ દરમિયાન ઓડીસામાં ખ્રિસ્તી વિરુધ્ધ ફાટી નિકળેલ હિંસાની વરસી તરીકે મનાવવો.

આ પ્રકારનો નિર્ણય આર્ચબિશપ જોન બરવા ઓફ ભુવનેશ્વર અને અન્ય બિશપોની મળેલ મીટીંગમાં ઓગષ્ટ ૩૧ તારીખે સાંભલપુરમાં લેવાયો હતો.કંધમાલનો અશુભ દિવસ,એ દિવસ જે ખ્રિસ્તીઓએ ૨૦૦૮માં થયેલા હિંસામાં પોતાના જાન ગુમાવ્યા છે તેમની યાદગીરીમાં મનાવાશે.આ ઉપરાંત આ દિવસોમાં અનેક ચર્ચો બાળી નંખાયા,તોડી પડાયા અને લોકોની માલમિલક્તોનો નાશ કરવામાં આવ્યો,અનેક બાળકો અનાથ બન્યા અને ૫૦ હજારથી વધુ લોકો વિસ્થાપિત બન્યા.આ દુઃખદ ઘટનાઓની યાદગીરી સ્વરુપે કંધમાલનો આ અશુભ દિવસ તરીકે ગણાશે.જો કે ખરેખર ઓગષ્ટ મહિનાની કઇ તારીખથી આ દુઃખદ દિવસ નક્કી કરવો તે હજુ સુધી નક્કી કરવામાં આવ્યું નથી.પરંતુ તે ચર્ચાઓ બાદ નક્કી કરવામાં આવશે તેવું આર્ચબિશપ બરવાએ કહ્યું હતું.

ડો. જોન દયાલ, ઓલ ઇન્ડીયા ક્રિશ્ચિયન કાઉન્સીલે કહ્યુ હતું કે અમો આ નિર્ણયને આવકારીએ છીએ.અમો આ દિશામાં કામ કરવા માંગીએ છીએ અને જોવા માંગીએ છીએ કે કર્ણાટકના કંધમાલમાં ૨૦૦૮માં જે ખ્રિસ્તી લોકોએ પોતાના જાન ગુમાવ્યા છે તેથી આ અશુભ દિવસ અમારા ખ્રિસ્તી વિશ્વાસને જીવંત કરે છે. હિંદુ કટ્ટરવાદીઓ દ્વારાખ્રિસ્તીઓની થયેલ સામુહિક હત્યા દ્વારા દેશના સમગ્ર ખ્રિસ્તીઓના હૃદયમાં અનેરુ સ્થાન લીધું છે.સાંભલપુર બિશપ નિરંજન શૌલસિંગને કહ્યુ હતું કે આ અશુભ દિવસ ખ્રિસ્તી લોકોના વિશ્વાસને દ્રઢ અને મજબુત કરશે અને ખ્રિસ્તના સાક્ષીઓ તરીકે જીવન જીવવા માટે પ્રેરણા આપશે.વિશ્વભરમાં આ વિશ્વાસ ઇસુની સુવાર્તાને વેગ આપશે.

બિશપ શરદચંદ્ર નાયક,બરહામપુરે કહ્યું હતું કે જેઓ કંધમાલની હિસામાં મોતને ભેટ્યા છે તેઓના મોત એ ખ્રિસ્તી વિશ્વાસને ઉજાગર કરતી શહીદી છે.અને તેઓ જીવંત વિશ્વાસના સાક્ષીઓ હતા.અને ઇસુના સાચા અનુયાયીઓ તરીકે તમારા વિશ્વાસ અને બલિદાનને અમો માન્યતા આપીએ છીએ

# અનામતના મુદ્દે રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના વિચારોને શિવસેનાએ અનુમોદન આપ્યું

શિવસેનાએ અનામત નીતિ પર પુનઃવિચારણા કરવાનો મુદ્દે રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના વડા મોહન ભાગવતના વિચારોનું સ્વાગત કરતાં જણાવ્યુ હતું કે તેઓ આ મુદ્દે તેમની સાથે છે.શિવસેનાએ ભાજપની આ મુદ્દે ટીકા કરી હતી.તેનું કારણ બિહાર વિધાનસભાની ચુંટણીઓ જણાવી હતી.શિવસેનાના મુખપત્ર સામનામાં છપાયેલા સંપાદકીયમાં લખાયું હતું કે ખુદને પીડીતો-શોષિતોના હિતેચ્છુ કહેનારા રાજકીય દળોએ ભાગવતની ટીપણીઓ પર જોરદાર પ્રહારો કર્યા છે. ભાજપની નજર બિહારની ચુંટણી પર છે તેથી તુરતજ પત્રકાર પરિષદ બોલાવીને ભાગવતની ટીપણીના મુદ્દે છેડો ફાડી નાંખ્યો છે.આની પાછળ બિહારની ચુટણીઓનું જ ગણિત છે.

તેમાં એવો પણ ઉલ્લેખ કરવામાં આવ્યો હતો કે જમીન સંપાદન કાયદાથી ભાજપની ખેડુત વિરોધી છબી બની છે.અને તેની અસર બિહારની ચુંટણીઓ પર પણ થઇ શકે છે.હવે અનામતના મુદ્દે જો ભાજપ છેડો ના ફાડે તો તેને બિહારની ચુંટણીમાં જે પછાત જાતિઓના વોટનો ભારે માર સહન કરવો પડે.


જાહેરાત માટે સંપર્ક કરો

આપની વ્યવસાયલક્ષી કે લગ્ન સબંધી,જાહેરાત વિશાળ વાચક વર્ગ સુધી ઝડપથી પહોંચાડવા માટે અમારો સંપર્ક કરો.

નવક્રાન્તિ સાપ્તાહિક

9825169386



સેરેના ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત

કેર કોમ્પ્યુટર સેન્ટર

ફક્ત રૂ. ૨૦૦/-માં કોમ્પ્યુટર શિક્ષણ...સાથે ઇંગ્લીશ સ્પીકીંગ ફ્રી. માત્ર બહેનો માટે જ ચાલતો કોમ્પ્યુટર કલાસ,

કોમ્પ્યુટરમાં સાક્ષર બની ઉજવળ ભવિષ્ય બનાવો.

હેડ ઓફિસ :- ૧૧, તેજેન્દ્ર કોમ્પ્લેક્ષ, હાટકેશ્વર સર્કલ પાસે, હાટકેશ્વર, અમરાઇવાડી, અમદાવાદ-૩૮૦૦૨૬.મો. નં:૯૯૨૫૨૭૪૧૭૫

બ્રાન્ચ ઓફિસ : ૧૪ સેલર, સરદાર કોમ્પ્લેક્ષ, સમજુબા સ્કૂલ સામે, ગોવિંદવાડી, ઇસનપુર અમદાવાદ.મો. નં:૯૮૯૮૦૭૨૮૮૧



તંત્રીઃ પ્રશાંત ધોળકીયા, મુદ્રક, પ્રકાશક, માલિક, રોબિન ધોળકીયા, ધર્મેશ પ્રિન્ટોરીયમ, નવી પોળ શાહપુર અમદાવાદ ૧ થી છાપી, ૨/૧૦ સોનિયા એપાર્ટ. પી ટી કોલેજ રોડ, નારાયણનગર, અમદાવાદ-૭ થી પ્રસિદ્ધ કર્યુ.